# GUJARATI

**(Second Language)**

***(Three hours)***

***Answers to this Paper must be written on the paper provided separately.***

*You will **not** be allowed to write during the first **15** minutes.*

*This time is to be spent in reading the question paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of two sections; **Section A** and **Section B.***

*Attempt **all** the questions from Section **A.***

*Attempt **four** questions from Section **B**, answering at least **one** question each from the **two** books you have studied and any **two** other questions from the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

**SECTION—A (40 Marks)**

*Attempt **all** questions.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :— [15]

નીચેના વિષયોમાંથી કોઈ પણ **એક** વિષય પર **ગુજરાતીમાં** લગભગ **250** શબ્દોમાં નિબંધ લખો :—

(૧) તમારા ઘરે કે આસ-પાસ કામ કરતા નોકરની રહેણી-કરણી તથા જીવનશૈલીનો ચિતાર આપતો નિબંધ લખો.

(૨) ‘વનમાં વીતાવેલી એક રાત’....નું વર્ણન કરો....

(૩) ‘આપણા પૂર્વજો કરતાં આજની પેઢી વધુ સુખી છે.’ - આ કથનની વિરૂદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

(૪) ‘આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં’ કહેવતને આધારે વાર્તા કે પ્રસંગ રજૂ કરો.

---



*© Copyright reserved.*

(૫) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો :-



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :— [7]

નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર **ગુજરાતીમાં 120** શબ્દોમાં પત્ર લખો :—

(૧) દસમા ધોરણમાં પાસ થયા બાદ તમારી મહાત્ત્વાકાંક્ષા વિશે વિગતો દર્શાવતો પત્ર તમારા પિતાને લખો.

(૨) તમારા વિસ્તારમાં ફેલાયેલી ગંદકી દૂર કરવા મહાનગર પાલિકાને પત્ર લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words :—

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો :—

એક યુવાન એક ખૂબ મોટી ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. તેનું નામ માનવ હતું. માનવ કંપનીમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતો. કોલ્ડ સ્ટોરેજ વિભાગમાં એને ફરજ સોંપવામાં આવી હતી અને

કોલ્ડ સ્ટોરેજનું ટેમ્પરેચર, તેમાં ભરવામાં આવેલાં ફળ કે શાકભાજી મુજબ જળવાઈ રહે એ જોવાની જવાબદારી માનવની હતી.

એક દિવસ માનવ સાંજના સમયે ઑફિસ છોડતા પહેલા એક કોલ્ડ સ્ટોરેજની ફરિયાદ હોવાથી તેની તપાસ માટે ગયો. આજે બીજો કોઈ મદદનીશ સાથે ન હતો. એણે કોલ્ડ સ્ટોરેજની મુલાકાત લીધી. અત્યારે તો બીજી કોઈ તકલીફ ન હતી. મુલાકાત લઈને એ જેવો બહાર નીકળવા ગયો કે એનું ધ્યાન પડ્યું કે બહાર નીકળવાનો દરવાજો લોક ગયો છે.

માનવે દરવાજો ખોલવા ખૂબ પ્રયાસ કર્યા, રાડો પણ ખૂબ પાડી પણ તેનો અવાજ બહાર જતો જ ન હતો. હવે દરવાજો માત્ર બહારથી જ ખૂલી શકે તેમ હતો અને બહારથી કોઈ જવાબ મળતો નહોતો. ઑફિસનો સમય પણ પૂરો થયો હતો એટલે હવે તો સ્ટાફ પણ નીકળી ગયો હોય. પોતાનો જીવ બચાવવા માનવે ટેમ્પરેચરને વધારવા પ્રયાસ કર્યો પણ ટેમ્પરેચર વધવાને બદલે ધીમે ધીમે ઘટવા લાગ્યું. માનવને થયું કે આ ઠંડીથી એનું મૃત્યુ થશે એ નિિશ્ચ ત છે.

અતિશય ઠંડીથી માનવ બેભાન થાય તે પહેલા જ કોલ્ડ સ્ટોરેજનો દરવાજો ખૂલ્યો. દરવાજો ખોલનાર સિક્યુરિટી ગાર્ડ માનવને આજે ભગવાન જેવો લાગ્યો. સિક્યુરિટી ગાર્ડ માનવને કોલ્ડ સ્ટોરેજની બહાર લઈ આવ્યો. થોડું તાપણું કરીને એણે માનવના શરીરને હૂંફ આપી.

માનવ સ્વસ્થ થતાં જ એણે સિક્યુરિટી ગાર્ડને પૂછ્યું, ''કોલ્ડ સ્ટોરેજની તપાસ કરવી એ તારી ફરજમાં નથી આવતું તો પછી તું કોલ્ડ સ્ટોરેજમાં શું લેવા આવ્યો હતો ?'' સિક્યુરિટી ગાર્ડ કહ્યું, ''સાહેબ, હું આ કંપનીમાં છેલ્લા બે માસથી નોકરી કરું છું. આ કંપનીમાં હજારો કર્મચારીઓ છે જે રોજ સવારે આવે છે અને સાંજે પાછા ઘરે જાય છે. આ હજારો કર્મચારીઓમાં માત્ર તમે એક જ એવા છો જે સવારે આવો ત્યારે મને 'ગુડ મોર્નિંગ' કહો છો અને સાંજે પાછા જાવ ત્યારે 'ગુડ ઈવનિંગ' કહો છો. તમે જ્યારે હસીને મારી સાથે વાત કરો છો ત્યારે મને થાય છે કે હું પણ માણસ છું. આજે મને સવારે તમારૂ 'ગુડ મોર્નિંગ' તો સાંભળવા મળેલ પણ સાંજે હું તમારું 'ગુડ ઈવનિંગ' સાંભળવા રાહ જોતો હતો. બધા જ કર્મચારીઓ જતા રહ્યા પણ તમને ન જોયા એટલે મને કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ અને હું તમને શોધતા શોધતા કોલ્ડ સ્ટોરેજમાં આવી પહોંચ્યો.

આપણી આસ-પાસ ઘણા એવા લોકો છે જેની નજર સામેથી આપણે રોજ પસાર થઈએ છીએ અને છતાંય એનો ચહેરો પણ આપણને યાદ નથી હોતો. આવા લોકો સાથેનો માનવતાપૂર્ણ વ્યવહાર તેને તો આનંદ આપે જ પણ આપણને વિશેષ આનંદ આપે. પ્રયાસ કરીને ખાતરી કરી લેજો.

**પ્રશ્નો :–**

(૧) માનવનો પરિચય આપી કહો તે એક દિવસ કયાં રોકાઈ ગયો ? [2]

(૨) માનવને પોતાનું મૃત્યુ નિિશ્ચ ત કેમ લાગ્યું ? [2]

(૩) કોણે માનવને બચાવવા કયા પ્રયત્નો કર્યા ? [2]

(૪) માનવ શા માટે મૃત્યુના મુખમાંથી બચી ગયો ? [2]

(૫) પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો. તમે આ બનાવ દ્વારા શું શીખ લેશો ? [2]

**Question 4**

Answer the following questions according to the instructions given below :—

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :—

(i) નીચે આપેલા રૂઢિપ્રયોગમાંથી કોઈપણ **એક** નો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો :— [1]

(૧) દુર્વાસાનો અવતાર (૨) અડધી રાતે

(૩) એક ના બે ન થવું (૪) ગળગળા થઈ જવું

(ii) નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ **બે** શબ્દના દ્વિ-અર્થ લખો :— [1]

પદ, વા, ખાતર, ચોકડી, કર, તરંગ

(iii) નીચે આપેલા શબ્દસમૂહમાંથી કોઈપણ **બે** માટે એક શબ્દ આપો :— [1]

(૧) શાહી ચૂસી લે તેવું કાગળ

(૨) શિવનું ભયંકર નૃત્ય

(૩) માતાની બહેનના પતિ

(૪) તાંબા પિત્તળના વાસણ ઘડનાર

(iv) નીચે આપેલી ખાલીજગ્યામાં લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ લખો :— [1]

(૧) હું મારા **<u>ખાનગી</u>** વિકાસ માટે જ નહીં, પરંતુ સમાજના ........... વિકાસ માટે કામ કરવા માંગુ છું.

(v) નીચે લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો :— [1]

(૧) **<u>ગાય</u>** દૂધ આપે છે. તો ............ ખેતર ખેડવામાં ઉપયોગી છે.

(vi) નીચે આપેલા શબ્દોમાંથી કોઈપણ **બે**ની જોડણી સુધારી ફરી લખો :— [1]

પરીસ્થીતી, પરિક્ષા, જગડો, પરમપરા, સાશ્વત

(vii) નીચેના વાક્યનું કાળ પરિવર્તન કરી ફરી લખો :— [1]

વિનય કાલે વિદ્યાલયમાં ગેરહાજર હતો. (ભવિષ્યકાળ)

(viii) નીચેના વાક્યમાં નામ શોધી પ્રકાર લખો :— [1]

(૧) મુશળધાર વરસાદને કારણે સંઘ સમયસર મુકામે પહોંચ્યો નહીં.

## SECTION—B (40 Marks)

*Questions from only **two** of the following textbooks are to be answered.*
*Attempt **four** questions from this Section.*
*You must answer at least **one** question from each of the **two** books you have studied and any **two** other questions from the same books that you have compulsorily chosen.*

### સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)
### Sahitya Gurjari (Poems)

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'પ્રીત પ્રથમ કોણે કરી, નંદકુંવરની સાથ;?
મન કહે, 'લોચન ! તે કરી', લોચન કહે, 'તારે હાથ'.
નટવર નીરખ્યા નેન ! તેં, સુખ આવ્યું તુજ ભાગ;
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આજ !'

**'લોચન મનનો ઝઘડો' - કવિ દયારામ**

**'Lochan Man no Jagdo' - Kavi Dayaram**

(૧) આ કાવ્યનો પ્રકાર શું છે ? કવિની રચનાઓના મુખ્ય લક્ષણો જણાવો. [2]

(૨) કવિની કોઈ પણ બે ઉત્તમ રચનાના નામ લખી કહો લોચન અને મન વચ્ચે કઈ બાબતે ઝઘડો થયો ? [2]

(૩) મન લોચનને શી ફરીયાદ કરે છે ? ત્યારે લોચન મનને શા શા ખુલાસાઓ આપે છે તે તબક્કાવાર જણાવો. [3]

(૪) છેવટે એ ઝઘડાના ન્યાય માટે કયાં જાય છે ? તેણે તેઓનું સમાધાન શી રીતે કર્યું તે તમારા શબ્દોમાં લખો. [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

''વિપત પડે ના વલખીએ, વલખ્યે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે; વિપત ઉદ્યમને ખાય.''
''અંધને અજ્ઞ, એ બેમાં ઓછો શાપિત આંધળો;
અંધ એકાંગે પાંગળો, અજ્ઞ સર્વાંગે પાંગળો.

**'સુભાષિતો'**

**'Subhashito'**

(૧) અજ્ઞાનીની સરખામણી કોની સાથે કરી છે ? તેમાં શાપિત કોણ, શા માટે ગણાય ? [2]

(૨) આપણે ક્યારે લાચાર થઈ જઈએ છીએ ? લાચારીમાં શું કરીએ છીએ ? [2]

(૩) કવિ ઉદ્યમને મહત્ત્વ આપતા શું સમજાવે છે તે ઉદાહરણ આપી તમારા શબ્દોમાં લખો. [3]

(૪) આંધળો અને એકાંગે પાંગળામાં કવિ કોને વધુ દયાને પાત્ર ગણે છે ? શા માટે ? કારણો આપી સમજાવો. [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

> ''એકા એક ફરે પાછા અમારા કાં સોટીદાર ?
> એમને પીઠે શું આંખ ?
> એમની અનન્ય ચાલે પૂંઠે-પૂંઠે ચાલતા એ
> લીલિયાને ભાળી ગઈ ?

**'એનિશાળ... એ સવાર' - સુંદરજી બેટાઈ**

**'Ae Nishal... Ae Savar' - Sundarji Betai**

(૧) સોટીદાર કેવા હતા ? [2]

(૨) લીલિયાનો પરિચય આપો. [2]

(૩) સોટીદાર વર્ગમાં પાછા કેમ ફર્યા ? તેમણે પાછા આવી શું કર્યું ? [3]

(૪) આ શાળાના બધાં જ વિદ્યાર્થીઓ કેવા હતા ? આ વિદ્યાર્થીઓને કવિએ શું પાઠ ભણાવ્યો ? [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

## Sahitya Gurjari (Short Stories)

**Question 8**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. માનું મુખ કોઈપણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો. માનું લૂગડું પહેર્યું હોય એવી સ્ત્રીને તે ધારી ધારીને જોતો.'

**'ખરી મા'- રમણલાલ દેસાઈ**

**'Khari Maa' - Ramanlal Desai**

(૧) કુસુમાયુધ પોતાની 'મા'ને કયાં કયાં શોધતો ? શા માટે ? [2]

(૨) તેના 'મા કયાં ગઈ' ? ના સવાલના કેવા કેવા જવાબો મળતા ? ત્યારે તેને કયો પ્રશ્ન મૂંઝવતો ? [2]

(૩) કુસુમાયુધ નવી પરણી આવેલી સ્ત્રીની કેવી કેવી પરીક્ષા કરતો ? તમારા શબ્દોમાં લખો ? [3]

(૪) અપરમાના કયા કથનો અને વ્યવહારને લીધે કુસુમાયુધ 'ખરી મા'ની અમૃતભરી સોડ પામ્યાનું લેખક જણાવે છે ? [3]

**Question 9**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'પચીસ વર્ષ ઉપર આવું પૂર આવ્યું હતું અને અમે ના પાડી છતાં એક મછુઓ ગયો હતો તે પણે જઈ ઊંધો વળી ગયો'.

**'જમુનાનું પૂર'- રામનારાયણ પાઠક**

**'Jamunanu Poor' - Ramnarayan Pathak**

(૧) વાર્તાનાયિકાએ શું મનસૂબો કર્યો હતો ? તે માટે મછુઆએ તેને કેમ મદદ કરવા ના પાડી ? [2]

(૨) પોતાનો મનસૂબો જાતે પૂરો કરવા નાયિકાએ શા પ્રયત્નો કર્યા ? [2]

(૩) કાલિન્દીના ધસમસતા પૂર ઉપર તરતા દીવાઓનું સૌંદર્ય વર્ણવો. [3]

(૪) 'જમુનાનું પૂર' વાર્તાનો અંત સ્પષ્ટ કરો. [3]

**Question 10**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચેના પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

''માજી ! ભાઈ ! બા ! ઓલો પ્યાલો તો અહીં જ પડ્યો છે !''

હાથમાં પ્યાલો લઈ તે માજીના ઓરડામાં દોડી ગઈ. બીજાં બાળકો પણ તેની પાછળ દોડ્યાં. ત્યાં માજી વગેરે બધાં ઊભાં થઈ ગયાં હતાં.''

**'માજીનો પ્યાલો' - ગુલાબદાસ બ્રોકર**

**'Maji no Pyalo' - Gulabdas Broker**

(૧) ચાંદીનો પ્યાલો કયાં મૂકાતો હતો ? નોકર પર પ્યાલો ચોર્યાનો વ્હેમ શાથી આવ્યો ? [2]

(૨) પ્યાલો અંતે કયાંથી મળ્યો ? તે મળ્યા પછી માજી અને મણિલાલે બાળકો સાથે કેવું વર્તન કર્યું ? [2]

(૩) 'તો માજી, ગરીબ હોય એ બધાં ચોરી કરે ના !' પાઠને આધારે આ વાક્ય કોણ કોને ક્યારે કહે છે ? તે લખો. [3]

(૪) વાર્તાને આધારે 'માજી'નો પાત્રપરિચય કરાવો. [3]

## વાંસનો અંકુર - ધીરૂબેન પટેલ

**Vaans no Ankur - Dhiruben Patel**

**Question 11**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'બરાબર ત્રણ મિનિટ પછી નોકર આવ્યો. બોલ્યોઃ
'સાહેબ પુછાવે છે, તબિયત બરાબર નથી ?'
'છે ને !'
'સાડાનવં થઈ ગયા છે.'
'ઓહ, સાડાનવ !' રમણીકલાલે આખી જીંદગી ઘડિયાળના એ બે કાંટા પર ઝૂલીને કાઢી હતી.

(૧) સાહેબ એટલે કોણ ? તેમણે વાર્તાનાયકને શું સંદેશ મોકલ્યો ? શા માટે ? [2]

(૨) કેશવને 'સાડાનવ વાગ્યે આવી ગયો હોત !' એવું કેમ લાગ્યું ? [2]

(૩) કેશવની તબિયત ખરાબ થવાની ખબર પડતા રમણીકલાલ શું કરતાં ? તે ડરથી કેશવે મોડા પડવાનું શું કારણ આપ્યું ? [3]

(૪) રમણીકલાલ ઘડિયાળને કાંટે જ કામ કરતાં એનાં બે ઉદાહરણો આપો. [3]

**Question 12**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

''મોતીલાલને સુશીલાના શબ્દો સંભળાતા હતા, હું ન બચું તો જે આવે એને તમે જાળવજો. સંભાળીને ઉછેરજો હોં, કોઈ વાતે દુઃખી ન થાય, માને ન સંભારે !'

મોતીલાલે હા કહી હતી, ધરપત આપી હતી....પણ....
......સુશીલા તો ખરેખર ન બચી.''

(૧) કેશવ માંદો પડતો ત્યારે આરામખુરશી જોઈ તેને શું યાદ આવી જતું ? [2]

(૨) સુશીલાના ન રહેવાથી મોતીલાલને તે કઈ રીતે સાંભરી સાવતી ? [2]

(૩) મોતીલાલે કયે ઈરાદે કેશવને રમણીકલાલને સોંપી દીધો હતો ? [3]

(૪) સુશીલાના ગયા પછી મોતીલાલ કોની સાથે રહેતો ? ભોજાઈ અને નણંદ વચ્ચે કેવા સંબંધ હતા ? [3]

**Question 13**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

''શું છે ચેકનું ? નથી બરાબર ? આ ઘડપણ....ઘડપણ આખેર મને પણ નડ્યું. લાવ જોઈએ, શું છે ચેકનું ? કંઈ રહી ગયું છે ?''

'ના નાજી. આ તો....

'શું છે ?'

'દાદાજી, મારે હવે નથી ભણવું !'

(૧) દાદાજીએ કેશવને ચેક શા માટે આપ્યો હતો ? તે ન સ્વીકારવા કેશવે દાદાજીને શું જણાવી દીધું ? [2]

(૨) જણાવ્યા બાદ રમણીકલાલને જોતા તેને શા કારણે બીક લાગી ? [2]

(૩) દાદાજીએ ચેક ભરવા બદલ શું કહ્યું ? અચાનક રેડિયાની ભેટ મળતા કેશવના મનમાં ભૂતકાળનો કયો બનાવ ડોકિયું કરી ગયો ? [3]

(૪) જુવાનીમાં રમણીકલાલનો સ્વભાવ અને વર્તન કેવા હતા ? [3]

## 'એકાંકી ગુર્જરી'

**[Ekanki Gurjari]**

**Question 14**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'જે રાજાના દિલમાં રૈયતના સુખદુઃખનો આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે.'

**'દેશભક્ત જગડુશા' - રમણલાલ સોની**

**'Deshbhakat Jagdusha' - Raman Lal Soni**

(૧) ઉપરનું વાક્ય કોણ કોને માટે કહે છે ? ક્યારે ? [2]

(૨) શેઠ જગડુશાના દિલની ઉદારતાનું વર્ણન કરો. [2]

(૩) તાંબાપત્રના લેખમાં શું લખેલું હતું ? [3]

(૪) આ નાટકમાં પ્રગટ થતું દુકાળનું ભયંકર ચિત્ર તમારા શબ્દોમાં આલેખો. [3]

**Question 15**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

'તમને આ શું થઈ ગયું છે ? કેમ કંઈ બોલતા નથી ? કેમ રિસાઈ ગયા છો ? તમે કંઈક તો બોલો. આપણા કેવા કેવા સપના હતા ! ચકુડીને ભણાવી ગણાવીને મોટી કરીશું, પરણાવીશું'....'

**'વૃક્ષ'- લાભશંકર ઠાકર**

**'Vruksh' - Labhshankar Thakar**

(૧) ચંપક વૃક્ષ કઈ રીતે બની જાય છે ? [2]

(૨) ઉપરનો સંવાદ કોણ કોને ક્યારે કહે છે ? [2]

(૩) ઇન્દિરાના વલોપાતને (અસહ્ય વેદના) તમારા શબ્દોમાં લખો. [3]

(૪) એકાંકીનો અંત શું સૂચવે છે ? સમજાવીને લખો. [3]

**Question 16**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :—

''પણ ખરૂ કહું દોસ્ત ! આ બંધ ઓરડામાં....ઊફ, દુઃખ કહેવાથી ઓછું થાય છે ? પણ તું મારા સુખદુઃખમાં કેમ સામેલ થતો નથી ?....અત્યારે ઊભો છે એમ પથ્થરવત્....ઊભો રહે છે ભાવહીન, પથ્થરવત્, ઝૂકાવેલી ગરદન સાથે !....''

**'હુકમ માલિક'- ચીનુ મોદી**

**'HukamMalik'- Chinu Modi**

(૧) કોણ અધિકારના સુખદુઃખમાં સામેલ નથી થતું ? તેનો સ્વભાવ કેવો છે ? [2]

(૨) અધિકારની આ હાલત કેટલા વખતથી અને શા માટે છે ? [2]

(૩) આ એકાંકીમાં વ્યક્ત થયેલ 'જીન' નું પાત્રાલેખન કરો. [3]

(૪) અધિકારનો કરૂણાંત તમારા શબ્દોમાં વર્ણવો. [3]